R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 43 DATE: 28-10-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## ઘોઘા-દહેજ ફેરી સર્વીસ : ગુજરાતના જળમાર્ગે ટ્રાફિક સમસ્યાને હળવી કરવા પ્રયત્ન થશે

ગુજરાતના સાગરકાંઠે એક નવો ઈતિહાસ રચાયો. જેમાં દહેજ ઘોઘા ફેરી સર્વીસનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવ્યું.દહેજ ઘોઘા ફેરી સર્વીસને કારણે રોડ માર્ગે ૩૬૦ કી.મી.નું અંતર દરિયાઈ મુસાફરી દ્વારા ૩૧ કીમી.માં જ પુરુ થઈ શકશે.એમ.વી.સોફીયા અને આઈલેન્ડ ઝેડ નામના બે ફેરી બોટ આ માર્ગે દોડશે.જે ૩૦૦ મુસાફરોની ક્ષમતા ધરાવે છે.ભૌગોલિક અંતર ઘટવાની સાથે સમય પણ બચશે તેમજ ધોરી માર્ગો પર ટ્રાફિકની સમસ્યાને હળવી કરશે.ગુજરાત સરકારનું આ સાહસ મેરીટાઈમ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે.હાલમાં ટર્મિનલ પર ફેરી લાંગરવાની સુવિધા,વાહનોના સીધા લોડીંગ કરવાની સવલત, મુસાફરોના આવાગમનની અને વહીવટી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.વિશ્વના સૌથી લાંબા ૯૬ મીટર લીંક સુપાનનું અંહીયા નિર્માણ કરાયું છે. પેસેન્જરોને ઓનલાઈન બુકીગ, સમયપત્રક,જહાજ ટ્રેકીંગ વગેરે સુવિધા મળશે.વધુમાં દહેજ,ઘોઘા,હજીરા, પીપાવાવ અને જાફરાબાદ ને પણ રો રો ફેરી સર્વીસથી ભવિષ્યમાં સાંકળવામાં આવે તેવી સંભાવના છે.ફેરીનું સંચાલન ખાનગી ધોરણે થશે તેવું સુત્રો દ્વારા જાણવા મળેલ છે.

## તાજમહાલ સાધનાનું સ્થળ અને ભારતની વાસ્તુકળાનું અણમોલ રત્ન છે : યુપીના મુખ્યમંત્રી યોગી

તાજમહાલ પર વિવાદોનો મધપુડો છંછેડાયો અને ત્યારબાદ ભાજપના નેતાઓ વિવિધ બયાનો દ્વારા વિવાદાસ્પદ નિવેદનો કરીને ભાજપની આબરુની મજાક ઉડાવી અને આખરે યુપીના મુખ્યમંત્રીએ પક્ષની આબરુ બચાવવા તાજમહાલમાં ઝાડુ મારવાનો વારો આવ્યો.જ્યાં તેમણે કહ્યુ કે તાજમહાલ સાધનાનુ સ્થળ છે અને વાસ્તુકળાનુ અણમોલ રત્ન છે.દેશના લોકોના લોહી અને પરસેવા વડે તૈયાર થયેલા તાજમહાલનું રક્ષણ આપણે કરવું પડશે.અગાઉની સરકારો માટે તાજમહાલ એક પ્રવાસન સ્થળ હતું પરંતુ અમારા માટે તે એક સાધનાનુ સ્થળ બની રહેશે.

તેમણે કહ્યુ હતું કે હું કાશી જાઉ તો લોકો વિરોધ કરે છે અને આગ્રા જાઉ તો પણ વિરોધ કરે છ.આગ્રાના વિકાસ માટે સરકારે ૩૭૦ કરોડ રુપીયાની ફાળવણી કરી છે.તાજમહાલની મુલાકાત માટે યોગીજી ૩૦ મીનીટ રોકાયા હતા.પરંતુ તેમના સાથીઓ વિરોધ કરી રહ્યા હતા.

## નોટબંધીનો હેતું કાળુ નાંણું બહાર લાવવાનો હતો તે પરિપુર્ણ થયો નથી : પ્રો.પરિમલ વ્યાસ.વાઇસ ચાન્સેલર મ.સ.યુની.

વડોદરા મહારાજા સયાજીરાવ યુની.ના વાઈસ ચાન્સેલર પ્રો. પરિમલ વ્યાસે એક કાર્યક્રમમાં નોટબંધીના પગલાની આકરી ટીકા કરી હતી.નોટબંધી અને જીએસટીના મામલે વડાપ્રધાનની સામે હવે અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓ પણ પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે.ભારતીય જનતા પાર્ટી દ્વારા જ નિયુક્ત થયેલા વડોદરાની મ.સ.યુની.ના વાઈસ ચાન્સેલર પ્રો.પરિમલ વ્યાસે જયપુર ખાતે ઈન્ડીયન કોમર્સ એસો. દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં કે જમાં દેશભરના કોમર્સના અધ્યાપકો અને રીસર્ચ સ્કોલરો ઉપસ્થિત રહ્યા હતા તેમાં તેમણે સરકારના નોટબંધી ને જીએસટીના પગલાની ટીકા કરી હતી.

પ્રો.પરિમલ વ્યાસે સંબોધન કરતાં કહ્યુ હુતં કે દેશના વર્તમાન અર્થતંત્રમાં નોટબંધીને કારણે તકલીફો ઉભી થઈ છે.નોટબંધીનો પ્રાથમિક ઉદ્દેશ્ય જે કાળા નાણા બહાર લાવવાનો હતો તે પરિપુર્ણ થયો નથી.આંકડાઓ મુજબ ૯૮.૮ ટકા જુનું ચલણ આરબીઆઈમાં જમા થઈ ગયું છે.તેનો મતલબ એ થાય છે કે કાળુ નાંણુ પણ ડીપોઝીટ થઈ ગયું છે.આ નોટબંધીથી લોકોમાં નકારાત્મક અસરો વધારે થઈ છે.ઓધ્યોગિક ક્ષેત્રમાં માર્ચ ૨૦૧૬માં ૧૦.૩ ટકા ગ્રોથ હતો તે આજે ૧.૬ ટકા થઈ ગયો છે.તેમના જણાવ્યા અનુસાર આ નિર્ણય લેતા પહેલાં ભારત સરકારે એક્ષ્પર્ટની સલાહ લીધી ન હતી.પ્રજા કેવી રીતે આ બદલાવને પ્રતિભાવ આપશે તે પણ ધ્યાને લીધું નહોતું.આના પરથી એમ લાગે છે કે અર્થતંત્રને લગતાં કોઈપણ નિર્ણયમાં અર્થશાસ્ત્રના બદલે પોલીટીક્સ વધારે ભાગ ભજવતું હોય છે.આજે અર્થતંત્રનો વિકાસ ધીમો પડ્યો છે. કેટલાક વિભાગોમાં બરોજગારીની પરિસ્થિતિ ઊદભવી છે. રોજગારી સર્જન ધીમું પડ્યું છે.તેમાં પણ વધુ ઊડાણમાં જોઈએ તો આઈટી સેકટરમાં રોજગારીમાં ઘટાડો થયો છે. તેમાં પણ જ્યારે ગુજરાતમાં ચુંટણીઓ નજીક આવી રહી છે તેવામાં દરેક લોકોની લાગણીને સમજવી જોઈએ અને સમજવું જોઈએ કે લોકોની લાગણીને અસર થઈ રહી છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કોઇપણ હિંસાને સહન ન કરી શકાય : સંઘના કાર્યકર્તાની હત્યાને કોગ્રેસ ઉપાધ્યક્ષે વખોડી

કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજકીય ઉદારતાનો પરિચય આપતાં પંજાબના લુધીયાણામાં રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના કાર્યકર્તા રવિન્દર ગોસાંઈની હત્યાની નિંદા કરી હતી.રાહુલ ગાંધીએ ટ્‌વીટ કરતાં લખ્યુ હતું કે હું લુધીયાણામાં આરએસએસ લીડર રવિન્દર ગોસાંઈની હત્યાની આકરા શબ્દોમાં નિંદા કરુ છું.કોઈપણ પ્રકારની હિંસાનો સ્વીકાર ન કરી શકાય.દોષિતોને સજા મળવી જોઈએ.લુધીયાણાના જોધેવલ વિસ્તારમાં સવારે આરએસએસના નેતા રવિન્દર ગોસાંઈની અજાણ્યા શખ્યોએ ગોળી મારીને હત્યા કરી નાંખી હતી.રવિન્દર એ સમયે શાખામાંથી પરત આવી રહ્યા હતા.ત્યારે બાઈક સવાર હુમલાખોરોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. કેરળમાં આરએસએસ અને ભાજપ નેતાઓની હત્યાના વિરોધમાં પાર્ટી છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારની વિરુધ્ધ અભિયાન ચલાવી રહી છે.

## દિવાળી જતી રહેશે પરંતુ આર્થિક દેવાળાનું શું થશે : શિવસેના

શિવસેનાએ દિવાળીના અવસરે પણ તેના નામમાત્રના સાથી પક્ષ ભાજપ પર પ્રહાર કરવાનો અવસર ચુક્યો નથી.કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહાર કરતાં શિવસેનાએ સવાલ કર્યો હતો કે અચ્છે દિન વાળી દિવાળી ક્યાં છે. પક્ષે વેધક પ્રહાર કરતાં કહ્યુ કે દિવાળીનો તહેવાર તો સંપન્ન થઈ જશે પણ અર્થવ્યવસ્થાનુ જે દેવાળું આ સરકારે ફુંક્યુ છે તેનુ શું થશે ?કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે લાગુ કરેલી નોટબંધી અને જીએસટીના અમલની ઉગ્ર ટીકા કરતાં શિવસેનાએ ક હ્યુ છે કે સરકારે લોકોની લાગણીઓ સાથે રમત કરી છે.

## ગોધરાકાંડ :ગુજરાત સરકાર સુપ્રીમમાં જઇ ફાંસીની સજા કાયમ રખાવવા વિશ્વ હિંદુ પરિષદની માંગ

ગોધરા હત્યાકાંડના મામલે ડેઝીગનેટેડ કોર્ટના ચુકાદા સામે થયેલી વિવિધ અપીલમાં ચુકાદો આપતાં હાઈકોર્ટના જસ્ટીસ એ.એસ.દવે અને જટી જી.આર.ઉઘવાણીની ખંડપીઠે ઘટનામાં મૃત્યુ પામેલા ૫૯ કારસેવકોના વારસદારોને રુ.૧૦ લાખનું વળતર ચુકવવાનો આદેશ આપ્યો છે. રાજ્ય સરકાર ૭ સપ્તાહમાં આ વળતર ચુકવવાની કાર્યવાહી કરે.ખંડપીઠે નોધ્યું હતું કે ટ્રાયલ કોર્ટે તેમના ચુકાદામાં વળતરનો મુદો રાજ્ય સરકાર પર છોડ્યો હતો.પરંતુ રાજ્ય સરકાર કાયદો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહી હોવાથી મૃતકો અને ઈજાગ્રસ્તોને વળતર ચુકવવાને પાત્ર બને છે.

ગુજરાત હાઈકોર્ટે ૧૧ આરોપીઓને ફાંસીની સજાને આજીવન કારાવાસમાં તબદીલ કરી નાંખી હતી.આ ચુકાદા અંગે વિએચપીએ પોતાની પ્રતિક્રિયા આપતાં ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં જઈને ફાંસીની સજા કાયમ રખાવે એ માટે જણાવ્યુ હતું.જો કે જમિયત ઉલેમાએ હિંદે આંશિક સંતોષની લાગણી વ્યક્ત કરીને નિર્ણયને આવકાર્યો હતો.

જો કે મુખ્યમંત્રી રુપાણીએ આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો સંકેત આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે ચુકાદાનો અભ્યાસ કર્યા પછી સરકાર ઉપલી કોર્ટમાં અપીલ કરશે. જો કે નરોડા પાટીયા કાંડમાં હત્યા કરનારાઓમાં વિએચપીના આગેવાનોને કોર્ટે કરેલી સજાઓ માટે હાલમાં પણ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે.અને જુના જજમેન્ટમાં કરાયેલી સજાઓમાં ઘટાડો કરવાની પણ માંગ વિએચપીએ કરી છે.જો કે ચુંટણીઓમાં કોને સજા વધુ કરાવવી અને કોને નિર્દોષ છોડાવવા તેના માટે ખેલ રચાશે અને વોટ મેળવવા માટે રાજકીય પક્ષો તેમની ચાલ ચાલશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

**http:// jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

સહુ વાચક ભાઇઓ બહેનોને દિપાવલી પર્વની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.નવીન વર્ષની શુભેચ્છાઓ.ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓની તારીખ નક્કી કરી દેવાઇ છે. ડિસેમ્બરમાં વિધાનસભાની ચુંટણીઓની તૈયારીઓમાં રાજકીય પાર્ટીઓ હવે પોતાની બહુમતી મળી રહે માટે જાત જાતના નુસખાઓ અપનાવશે.ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અને દેશના વડાપ્રધાને ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીમાં પોતાનો પક્ષ જીતે માટે તૈયારીઓ આરંભી દીધી છે. આ વખતે હવામાન એવું દેખાઇ રહ્યુ છે કે બહુમતી કોઇપણ પક્ષ મેળવી જાય તેવું નથી.નોટબંધી અને જીએસટીએ ભાજપ તરફીનું પલ્લુ ઉંચુ કરેલું દેખાઇ રહ્યુ છે. જે નિર્ણયો સરકારે લીધા છે તેને પ્રજા તરફથી જોઇએ તેવો પ્રતિસાદ મળ્યો નથી. ઉલટાનું તેના વિરુધ્ધનું વાતાવરણ ઉભુ થયું છે.ભલે પ્રચાર,પ્રસાર અને દબાણથી ચુંટણીઓમાં હાવી થવાની જે રીતો છે તે કેટલી કામયાબ નીવડે છે તે જોવાનું રહેશે.

કોગ્રેસના પલ્લામાં કદાચ ઓબીસી અને પાટીદાર મતો કેવું ભારે મતદાન કરીને ભાજપને દબાવે છે તે જોવાનું રહેશે.જો કે કેટલીક રીતે ફાટફુટ પડાવીને આ મતો દરેક પક્ષ પોતાની તરફેણમાં કરી લેવા માટે પોતાની બાજી ચીપશે. ઓબીસી અને પાટીદાર વર્ગને સત્તાધારી પક્ષે આકર્ષવા માટે સરકારની લ્હાણીઓ કરી જોઇ છે તેની કેટલી અસર થાય છે તે સમય પર આધારિત છે.ગુજરાતની સાથે સાથે હિમાચલમાં પણ ચુંટણી પ્રચાર ભારે જોરશોરથી ચાલી રહ્યો છે.જો કે ચુંટણીમાં હજુ પણ આયારામ ગયારામ ચાલે છે. હિમાચલમાં આવા ઉમેદવારોને ભાજપે ટીકીટ આપી છે. જ્યારે ગુજરાતમાંથી કોગ્રેસમાંથી જેઓ છુટા પડ્યા છે તેઓ કોની તરફણમાં જાય છે તે જોવાનુ રહ્યુ. શંકરસિંહ વાઘેલાએ નવા પક્ષની રચના તો કરી નાંખી છે પરંતુ હજુ સુધી તેમાં કોઇ પ્રાણ ફુંક્યો હોય તેમ લાગતું નથી.પરંતુ તે પત્તા ચીપવામાં ઊસ્તાદ ખેલાડી છે.તે ધારે તેને જીતાડી શકે છે.

## મંતવ્ય

ચુંટણીઓ આવવાને ટાણે બિનજરુરી પ્રોજેક્ટોની રચના કે તેના ઉદ્‌ઘાટનો કરવા વિગેરે ચાલતી આવતી પ્રથાને તિલાંજલી આપવાની જરુરીયાત છે.હાલમાં વિધાનસભાની ચુંટણીઓને લક્ષમાં રાખીને વિવિધ યોજનાઓ અને બિનજરુરી પ્રોજેકટોનો પ્રચાર કરાય છે અને નેતાઓ પાસે તેના ઉદ્‌ઘાટનો કરાય છે જેના મારફતે લોકોને તેમની તરફેણમાં વોટ આપવા મજબુર કરી શકાય.

બિનજરુરી પ્રોજેકટોને કારણે પ્રજાની પ્રાથમિક સુવિધામાં કોઇ જ સુધારો કે વધારો થતો નથી.માત્ર પ્રજા સાથે છેતરપીંડી કરીને કરોડો રુપીયાનો ભ્રષ્ટાચાર આદરાય છે.વડાપ્રધાન વીજળી વેગે પ્રવાસ કરે અને આયોજકોએ ગોઠવેલી તક્તિઓ નું ઉદઘાટન કરી દેવાય પરંતુ તેનાથી દેશનો વિકાસ થઇ જતો નથી.આ તેનાથી વિકાસનો પ્રચાર અવશ્ય કરી શકાય છે.કેટલાક ભક્તો જેમને સત્તાની ખુરશીઓ પર બિરાજમાન કરી દેવાયા છે તેઓ અને કેટલાક મળતીયા સરકારી અધિકારીઓ દ્વારા આ જમાત કરોડા રુપીયાનો ભ્રષ્ટાચાર કરે છે.વડાપ્રધાને જાહેરાત કરી હતી કે તેઓ ભ્રષ્ટાચારને તિલાંજલી આપવા માટે કાર્ય કરશે. પરંતુ તેમના થકી ઉભા થતાં મોટાભાગના બિનજરુરી પ્રાજેકટોમાં વ્યાપક ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. પરંતુ ચંટણીલક્ષી રાજકારણ આ બધું વ્યાપક રીતે ચલાવે છે. બુલેટ ટ્રેન જ્યારે ચાલુ થાય ત્યારે પરંતુ બુલેટ ટ્રેન પર લેવામાં આવતી લોનો ગુજરાતની પ્રજા ઉપર દેવું વધારશે તેમાં લેશ માત્ર શંકા નથી.

અજય નર્મદાશંકર દવે


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# દેશના અર્થતંત્રનું ચીરહરણ થવા નહી દઉ, હું ભીષ્મ છું. : યશવંતસિંહા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આર્થિક નીતિઓની ટીકાના જવાબમાં દેશમાં નિરાશાજનક માહોલ ઉભો કરનારા મહાભારતના પાત્ર 'શલ્ય'નું ઉદાહરણ આપ્યું હતું. જેના જવાબમાં યશવંતસિંહાએ કહ્યુ હતું કે હું શલ્ય નથી, પણ ભીષ્મ પિતામહ છું અને દેશના અર્થતંત્રનું ચીરહરણ નહી થવા દઉ.સિંહાએ કહ્યુ હતું કે વડાપ્રધાન અર્થતંત્ર વિશે બોલ્યા તે સારી વાત છે.બાજપેયી સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચુકેલા યશવંતસિંહાએ કહ્યુ કે આપણે આશાવાદી છીએ કે નિરાશાવાદી તે મહત્વનું નથી.અમે કે બીજા કોઇએ જે મુદ્દા ઉઠાવ્યા તેના પ ર સરાર ગંભીરતાથી વિચારણા કરે તે જરુરી છે.દેશ અને અર્થતંત્ર સામે જે પડકાર અને સંકટ છે તે દુર થવા જોઇએ. વડાપ્રધાન મોદીએ આંકડા રજુ કરીને સરકારની ટીકાનો જવાબ આપ્યો તેના સંદર્ભમાં સિંહાએ કહ્યુ કે આંકડાની રમત ખતરનાક હોય છે.છ મહિનાથી વૃધ્ધિદર ઘટી રહ્યો છે. ૨૦૧૯માં ચુંટણી આવશે તો લોકો એવું નહી પુછે કે યુપીએની સરખામણીમાં તમે કેવું કામ કર્યુ છે.લોકો એ જ પુછશે કે તેમે જે વચનો આપ્યા હતા તે પુરા થયા કે નહીં.

સિંહાએ કહ્યુ હતું કે શલ્ય કૌરવોના પક્ષમાં કેવી રીતે ગયા તે બધાને ખબર છે.નકુલ-સહદેવના મામા શલ્ય દુર્યોધનના કપટનો ભોગ બન્યા હતા.મહાભારતમાં એક સારુ ચરિત્ર છે ભીષ્મ પિતામહનું. આજે પણ ઇતિહાસમાં દ્રોપદીના ચીરહરણ વખતે મૌન રહેવા માટે તેમને દોષિત મનાય છે.અર્થતંત્રનું ચીરહરણ થતું હોય ત્યારે હું ચુપ નહી રહું.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ કયારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શકય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવ શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

દરિયાઇ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઇનર હતું.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**

**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**

**એકસ.સીની.કન્સલ્ટન્ટ**

**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**

**હેલ્થ-વેલ્થ પ્લાનર**

**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**

**મો.૯૩૭૬૧ ០០૮૯૮**

E.mail : drhamparikh@yahoo.co.in

# જઘન્ય ગુનામાં સમાધાન થાય તો પણ કેસ ચાલશે : સુપ્રીમ કોર્ટ



હત્યા અને બળાત્કાર કેસ જેવા જઘન્ય ગુનાઓમાં જો પીડીત કે તેનો પરિવાર આરોપી સાથે સુલટાવી લે તો પણ તેની સામેની કાયદેસરની કાર્યવાહી રદ નહી થાય તેવો મહત્વનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો હતો.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના અધ્યક્ષપદ હેઠળ મળેલી બેન્ચે જણાવ્યુ હતું કે હત્યા,બળાત્કાર અને ડકૈતી જેવા ગુનાઓ અથવા માનસિક ઉદ્દંડતાને આવરી લેતા ગંભીર ગુનાઓનું સ્વરુપ ખાનગી નથી હોતું.તેની સમાજ પર ગંભીર અસર પડે છે.આથી તે ગુનાઓ રદ ન કરી શકાય.આવા ગંભીર ગુનાઓ માટે આરોપીઓને સજા કરવામાં જાહેર હિત પણ સંકળાયેલું છે.તેમ બેન્ચે ઉમેર્યું હતું.

ગુજરાતમાં કથિત રીતે જમીન પચાવી પાડવાના કેસમાં ચાર વ્યક્તિઓ સામે નોધાયેલી એફઆઈઆરને રદ કરવાનું નકારતાં ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવી કોર્ટે આ તારણ આપ્યું હતું.કોર્ટે નોધ્યું હતું કેજ્યારે ગુનેગાર નાણાંકીય અથવા આર્થિક છેતરપીડીં અથવા ગેરવર્તન જેવી પ્રવૃત્તિમાં સામેલ હોય તો તે કેસ રદ કરવામાં હાઈકોર્ટે કરેલો ઈન્કાર વ્યાજબી છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# અમેરીકી લેખક જ્યોર્જ સોડર્સ,ને મેન બુકર પ્રાઇઝ

અમેરીકી લેખક જ્યોર્જ સોડર્સને ૨૦૧૭ના વર્ષનું મેન બુકર પ્રાઇઝ એનાયત કરાયું છે.સોર્ડર્સને લિંકન ઈન ધ બાર્લો નવલકથા માટે આ પ્રાઇઝ આપવામાં આવ્યું છે.સોડર્સ બ્રિટિશ સાહિત્યનું પ્રતિષ્ઠિત ઈનામ જીતનારા બીજા અમેરિકી લેખક બન્યા છે.લિંકન ઈન ધ બાર્લો તેમની પ્રથમ નવલકથા છે.અબ્રાહમ લિંકનના ૧૧ વર્ષના પુત્રના મરણ બાદ સર્જાયેલી ઘટનાઓના સંદર્ભમાં લખાયેલી આ નવલકથાને બુકરના જ્યુરીઓએ તદ્દન ઓરિજિનલ કન્ટેટ ગણાવી હતી.૫૮ વર્ષના સોડર્સે પોતાને મળેલા પ્રાઇઝને સૌથી મોટું સન્માન ગણાવ્યું હતું.જ્યોર્જ સોડર્સે તેમણે આ પ્રસંગે આપેલા પ્રવચનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે આપણે વિચિત્ર સમયકાળમાં જીવી રહ્યા છીએ.અમેરિકામાં આપણે સંસ્કૃતિની સુરક્ષા કરવાની મોટી મોટી વાતો સાંભળી રહ્યા છીએ.આ વર્ષે મેન બુકર પ્રાઇઝમાં ત્રણ અમેરીકી અને ત્રણ બ્રીટીશ લેખકોની પસંદ થઈ હતી.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શકય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# મોદીને સત્તાનું સુકાન છોડી દઇને કોગ્રેસને સત્તા સોપી દેવા રાહુલ ગાંધીનો અનુરોધ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકાર પ્રહારો કરતાં કોગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યુ કે દેશના નેતાએ હકીકતોને ભ્રામક બનાવવાને બદલે તેને સ્વીકારી લેવી જોઈએ. આની સાથે જ તેમણે કબુલી લેવું જોઈએ કે પોતની સરકારની નિષ્ફળતાને પણ કબુલી લેવી જોઈએ. બહાનાઓ કરીને અને કે નિરાશાવાદીઓ વાતાવરણ બગાડી રહ્યા છે તેમ કહેવાને બદલે વડાપ્રધાને ઉભા થવું જોઈએ અને કહેવું જોઈએ કે અમે નિષ્ફળ રહ્યા છીએ. તેમણે મોદીને સત્તા છોડી તેનું સુકાન કોગ્રેસના હાથમાં સોપીં દેવાની માંગણી કરી હતી. પોતાના મત વિસ્તારમાં અમેઠીની એક જાહેરસભામાં સંબોધતાં રાહુલે આર્થિક મંદી મામલે મોદીએ કરેલા વળતા પ્રહારનો જવાબ આપતાં તેમની ટીકા કરી હતી.અને કહ્યુ હતું કે એનડીએ સરકાર યુપીએના શાસનના પ્રોજેકટોનુ ફરી ઉદ્દ્ઘાટન કરી રહી છે.કોગ્રેસ છ મહિનામાં બધુ જ વ્યવસ્થિત કરી આપશે.

કોગ્રેસના નેતા હવે ભાજપના નેતાઓને ભારે પડી રહ્યા છે.રાહુલ ગાંધી ઉપર વાકબાણો વરસાવનારાઓને હવે બોધપાઠ અપાઈ રહ્યો છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંછ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૯૬૯૫. ૯૭૧૪૫૧૯૩૬૭

## આર્થિક રીતે નબળા લોકોને ધ્યાનમાં રાખીને અમે સુધારા કર્યા હજુ પણ સુધારાની પ્રક્રિયા અધુરી, આર્થિક અસમાનતા દુર થાય તેવા સુધારા પર ધ્યાન કેન્દ્રીત કરવા પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહની સરકારને સલાહ

ભારતના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કે જેઓ આર્થિક સુધારાના પ્રણેતા તેમજ પુર્વ નાણાંમંત્રી હતા તેમણે કહ્યુ હતું કે હુ સંકળાયેલો હતો તે આર્થિક સુધારા હજી અધુરા છે. દેશની આર્થિક અને સામાજિક નીતિ માટે નવી ડિઝાઇન તૈયાર કરવા નવેસરથી વિચારણા કરવાની જરુર છે.નવી નીતિમાં આર્થિક અસમાનતા દુર કરવા અને ઊંચા આર્થિક વિકાસદર પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.



બંગલોર ખાતે ડો.બી.આર.આંબેડકર સ્કુલ ઓફ ઈકોનોમીકસના શૈક્ષણિક સત્રનું ઉદ્‌ઘાટન કરતાં મનમોહનસિંહે જણાવ્યુ હતું કે હું જે આર્થિક સુધારા સાથે સંકળાયેલો હતો તેની પાછળનો આશય સામાજિક અને આર્થિક વિશેષાધિકારો વિના જન્મેલા લોકો માટે નવી તકો ખુલ્લી મુકવાનો હતો એ હજુ આ પ્રક્રિયા અધુરી છે.તેમણે જણાવ્યુ હતું કે હું ૧૯૯૧-૯૬ અને ૨૦૦૪ થી ૨૦૧૪ વચ્ચે હાથ ધરાયેલા મુક્ત અર્થતંત્રના આર્થિક સુધારા સાથે સંકળાયેલ હતો.આ તમામ આર્થિક સુધારા સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને નવી તકો મળે તે ધ્યાનમાં રાખી કરતા હતા.અમારા આર્થિક સુધારાનું આ મુખ્ય લક્ષાંક હતુ.તેમણે જણાવ્યુ હતું કે હું કબુલાત કરુ છું કે અમે હાથ ધરેલી આર્થિક સુધારાની પ્રક્રિયા હજુ અધુરી છે.

પુર્વ વડાપ્રધાને જણાવ્યુ હતું કે આપણા પ્રજાસત્તાક દેશમાં રાજકીય સમાનતા તો છે પરંતુ સામાજિક જીવનમાં સમાનતા નથી. રાજકારણમાં આપણા દેશમાં સમાન મતાધિકાર અપાયો છે. પરંતુ સામાજિક વ્યવસ્થામાં દરેકનો સમાનતાનો અધિકાર મળતો નથી.ક્યાં સુધી આપણે સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતાને નકારતાં રહીશું ?

મનમોહનસિંહે જણાવ્યુ હતું કે વિકાસ આયોજન અને આયોજન પંચની રચના આર્થિક વૃધ્ધિ માટે કરાઈ હતી. પરંતુ તેમાં આર્થિક અસમાનતા ન વધે તેનું ખાસ ધ્યાન રખાતું હતું.હવે આયોજન પંચ નાબુદ કરી દેવાયું છે.ત્યારે અસમાનતા નિયંત્રણમાં રહે તે માટે નવેસરથી પ્રયાસો કરવા જોઈએ.

## જાણવા જેવું !

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના, રાષ્ટ્રીય બચત પત્રો, કિસાન વિકાસ પત્ર, ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## પુણે ફિલ્મ એન્ડ ટેલીવીઝન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડીયાના નવા ચેરમેન તરીકે અનુપમ ખેરની નિમણુંક કરાઇ

ગજેન્દ્ર ચૌહાણની નિમણુંક થતાં પુણેની ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓએ ભારે વિરોધ નોધાવેલો અને દેશભરમાં પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.જો કે હવે ચેરમેન તરીકે અનુપમ ખેરની નિમણુંક થતાં વિદ્યાર્થીઓ શાંતિનો અહેસાસ કરી શકશે.

અનુપમ ખેરની અભિનય ક્ષમતા અને પ્રતિભાને કારણે તેમને દેશ-વિદેશમાં ખ્યાતિ મળેલી છે.સારાંશથી પોતાની કેરીયર શરુ કર્યા બાદ તેમણે તેમની કારકીર્દી દરમિયાન અનેક વિવિધસભર ભુમિકાઓ ભજવી છે.ઉપરાંત નાટકો તથા ક્રોસ ઓવર પ્રોજેકટ પણ કર્યા છે.તેમના વિશાળ અનુભવનો લાભ હવે ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓને મળી શકશે.ગત વર્ષે ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તિની જાહેરાત થવાની સાથે ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓએ વિરોધ નોધાવ્યો હતો.મહાભારતમાં યુધિષ્ઠિરની ભુમિકાએ તેમને ખ્યાતિ અપાવી હતી.તે પછ તેમને કોઈ ખાસ રોલ મળ્યા નહોતા.ગજેન્દ્ર ચૌહાણની નિયુક્તીને વિરોધ પક્ષોએ પણ આવકારી નહોતી.દેશભરમાં વિરોધ થવા છતાં ગજેન્દ્ર ચૌહાણે રાજીનામું આપ્યુ નહોતું.વિદ્યાર્થીઓએ જ્યાં સુધી ગજેન્દ્ર ચૌહાણને પદ પરથી હટાવાય નહીં ત્યાં સુધી ક્લાસમાં હાજરી નહી આપી વિરોધ દર્શાવ્યો હતો. સરકારે વિદ્યાર્થીઓ સામે અનેક પગલાં લીધા હતા પરંતુ સરકારીની કારી ફાવી નહોતી.આખરે અનુપમ ખેરની નિમણુંકને કારણે વિદ્યાર્થીઓનો વિરોધ શમી જશે તેમ લાગી રહ્યુ છે.

## જેના પર વિશ્વાસ મુક્યો હતો એજ હવે વિશ્વાસઘાત કરે છે : રાજ ઠાકરે

મુંબઈના એલ્ફિસ્ટન રોજ સ્ટેશન પર બનેલી ઘટનાના વિરોધમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા ઠાકરે હજારો મનસેના કાર્યકરો સાથે મેટ્રો સિનેમાથી ચર્ચ ગેટ સ્ટેશન સુધીનો મોરચો કાઢ્યો હતો.જો કે પોલીસે તેમને એ મોરચા માટે પરવાનગી આપી નહોતી.તેથી ચર્ચગેટ સ્ટેશન પર મેકશિફ્ટ સ્ટેજ પરથી તેમણે રેલીને સંબોધી હતી.

રેલીમાં રાજ ઠાકરેએ કહ્યુ હતું કે મોદી જેવા જુઠ્ઠા વડાપ્રધાન આજ સુધી જોયા નતી.એટલું જ નહીં તેણે રેલવે તંત્ર અને મોદી સરકાર બંન્નને ચીમકી આપતાં કહ્યુ હતું કે વહેલી તકે સુધરી જાવ નહી તો જોવા જેવી થશે.આ મોરચો તો શાંતિપુર્ણ કાઢ્યો હતો પણ હવે પછીનો મોરચો શાંતિપુર્ણ નહીં હોય.આ મોરચામાં મનસેના હજારો કાર્યકરો જોડાયા હતા. રાજ ઠાકરેએ સેન્ટ્ર અને વેસ્ટર્ન એમ બંને લાઇનમાં રેલવે સ્ટેશન પર બેસતાં ફેરિયાઓને ૧૫ દિવસમાં હટાવવાનું અલ્ટિમેટમ આપ્યું છે.અને કહ્યુ હતું કે જો તંત્ર એ કામ નહીં કરે તો અમારા કાર્યકરો એ કામ કરશે.આટલા વર્ષો સુધી આ બધા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો એનો ગુસ્સો છે.

પહેલાંની સરકારમાં જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિ આજે પણ છે.જેમના પર વિશ્વાસ ન મુક્યો હતો એ જો વિશ્વાસઘાત કરે તો એક વાર સમજી લઈએ પણ જેના પર વિશ્વાસ મુક્યો હોય એ જ હવે વિશ્વાસઘાત કરે છે. એથી મને મોદી પર ગુસ્સો છે.દેશભરના નાગરિકોએ તેમને આટલો પ્રેમ આપ્યો તેમના પર વિશ્વાસ મુક્યો તેનું તેમણે શું કર્યુ ?

## બ્રિટિશ લેખક કાઝુઓને સાહિત્યનું નોબેલ મળ્યું

બ્રિટશ લેખક કાઝુઓ ઈશિગુરોને તેમની નવલકથા 'ધ રિમેઈન્સ ઓફ ધ ડે' માટે આ વર્ષના સાહિત્યના નોબેલ પારિતોષિકથી સન્માનિત કરાયા છે.આ નોવેલ પરથી ફિલ્મ પણ બની છે.સ્વીડીશ એકડેમીએ તેમનું નામ જાહેર કરતાં કહ્યુ હતું કે ૬૨ વર્ષીય કાઝુઓએ તેમની નવલકથામાં ભાવનાત્મક બળથી વિશ્વ સાથેના આપણા જોડાણની ભ્રમણાનો પર્દાફાશ કર્યો છે. ઈશીગુરોએ આઠ પુસ્તકો લખ્યા છે અને ફિલ્મ તથા ટીવી માટે સ્ક્રીપ્ટ પણ લખી છે.૧૯૮૯માં તેમને તેમની ઉપરોકત કૃતિ માટે જ મેન બુકર પ્રાઈઝથી સન્માનિત કરાયા હતા.આ પુસ્તક એક દંપતી પોતાના પુખ્ત વયના પુત્રને મળવાની આશામાં બ્રિટનના માર્ગો પર નીકળી પડે છે.જેને તેઓ વર્ષોથી મળ્યા નથી.આશ્ચર્યની વાત એ છે કે આ વખતે સાહિત્યના નોબેલ પારિતોષિક માટે ઈશિગુરોનું નામ ફેવરીટ તરીકે ચર્ચામાં ન હતું મુળ જાપાનના નાગાસાકીમાં જન્મેલા કાઝુઓ માત્ર પાંચ વર્ષના હતા ત્યારથી તેમના પરિવાર સાથે બ્રિટનમાં સ્થાયી થઈ ચુક્યા છે.પુખ્ત વયના થયા ત્યારે છેક તેમણે જાપાનની મુલાકાત લીધી હતી.ઈશિગુરોએ એક ઈન્ટરવ્યુમાં કહ્યુ હતું કે હું યુધ્ધ પહેલાં અને યુધ્ધ પછીની પરિસ્થિતિ તરફ વિશેષ આર્કષાયો છું.કારણ કે મુલ્યો અને આદર્શની જે કસોટી થાય છે તેમાં મને રસ છે.અને લોકોને તેમાં સમજાય છે કે તેમના આદર્શો યુધ્ધ પહેલાં જે હતા તે યુધ્ધ પછી એવા જ રહ્યા નથી.

### જાણવા જેવું !

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.